# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

REACHING NATIONS

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2024 JULY | NO: 05


### પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો
પ્રભુની સ્તુતિ થાઓ!!

**નીતિવચનો ૯૨:૧-૧૦**

૧. યહોવાની આભારસ્તુતિ કરવી, ને, હે પરાત્પર, તારા નામનાં સ્તોત્ર ગાવાં, તે સારું છે.

૨. દશ તારવાળા વાજા પર તથા સિતાર પર અને વીણાના મધુર સ્વરથી.

૩. સવારે તારી કૃપા અને રાત્રે તારું વિશ્વાસપણું પ્રગટ કરવા (તે સારું છે.)

૪. કેમ કે, હે યહોવા, તેં તારાં કૃત્યોથી મને આનંદ પમાડયો છે; તારા હાથે કરેલાં કામને લીધે હું હર્ષનાદ કરીશ.

૫. હે યહોવા, તારાં કૃત્યો કેવાં મહાન છે! તારા વિચારો બહુ ગહન છે.

૬. અજ્ઞાની માણસ તે જાણતું નથી, અને મૂર્ખ માણસ તે સમજતો નથી.

૭. જ્યારે દુષ્ટો ઘાસની પેઠે વધે છે, અને સર્વ અન્યાય કરનારાઓની ચઢતી થાય છે, ત્યારે તે તેમનો સર્વકાળનો નાશ થવાને માટે જ છે.

૮. પણ, હે યહોવા. તું સર્વકાળ પરમ ઊંચામાં છે.

૯. કેમ કે, હે યહોવા, તારા શત્રુઓ, તારા શત્રુઓ નાશ પામશે; સર્વ અન્યાય કરનારાઓ વિખેરાઈ જશે.

૧૦. પણ તેં મારું શિંગ જંગલી ગોધા (ના શિંગ) જેટલું ઊંચું કર્યું છે; મને તાજું તેલ ચોળવામાં આવ્યું છે.



# તમારા અભિષેકને સુરક્ષિત કરો!

## PROTECT YOUR ANOINTING!

*માનદ્ મુખ્ય સંપાદક - રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી*



આપણા પ્રભુ તથા તારનાર, ઈસુ ખ્રિસ્તના નામમાં આપણા દુનિયાભરના ઈકો ઓફ હીજ કોલના પરિવારના તમામ સભ્યોને શુભેચ્છાઓ, જેઓ આ સામયિક દર મહિને ૧૬ વિવિધ ભાષાઓમાં વિશ્વાસપૂર્વક વાંચે છે. **આપણા સનાતન ઈશ્વર પ્રભુ જે છે, જે હતા અને જે આવનાર છે તેમના તરફથી તમારા પર કૃપા અને શાંતિ હો.** (પ્રકટીકરણ ૧:૪).

આ કલમ મને દરેક સંજોગોમાં મોટી ખાતરી આપે છે, એ જાણીને કે મારી પાસે એક એવા ઈશ્વર છે જેઓ મારા ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને સમજે છે, એક મિત્ર અને સાથી તરીકે મારી સાથે ચાલે છે. આ ખાતરી સાથે, હું આંતરિક શાંતિ સાથે આવતીકાલની અનિશ્ચિતતાઓનો સામનો કરી શકું છું, મારા માટે **ઈશ્વરની યોજના અને હેતુમાં વિશ્વાસ રાખીને, જે જગતના મંડાણ પહેલા પણ ઠરાવવામાં આવ્યા હતા.** (એફેસીઓને પત્ર ૨:૧૦).

ઈશ્વરે આપણ દરેકની રચના કેટલી જટિલ રીતે કરી છે તેના પર પ્રતિબિંબિત કરતા, મને

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

REACHING NATIONS

## from your dearly beloved brother...





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed
HON. MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM., MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com
YOUTUBE CHANNEL
Echo of His Call

### ... યહોવા તમારા પર દયા કરવાની વાટ જોશે ... – યશાયા ૩૦:૧૮

પ્રભુમાં પ્રિય વહાલાઓ, !

અમે આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના સૌથી અદ્‌ભુત નામમાં તમને શુભેચ્છાઓ પાઠવીએ છીએ!

ઈશ્વરની કૃપાથી અમે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** અને અમારી **નહેમ્યા બાઈબલ કોલેજ** ફરીથી ચાલુ કરી શક્યા છીએ. કૃપા કરીને તમારી પ્રાર્થનામાં આ સંસ્થાઓને યાદ કરીને ટેકો આપશો.

તે સમજી શકાય એવી બાબત છે કે જેઓ ભવિષ્યમાં સ્વતંત્ર રીતે ઈશ્વરની સેવા કરવા માંગે છે, તેમની પાસે ધર્મશાસ્ત્રમાં અમુક અભ્યાસક્રમનું પ્રમાણપત્ર હોવું આવશ્યક છે અને તેઓ યોગ્ય સંસ્થા સાથે જોડાયેલા હોવા જોઈએ. અમારી **નહેમ્યા બાઈબલ કોલેજો** આ બાબતમાં તમને મદદ કરવા તૈયાર છે. રોજ સાંજે તમિલ ભાષામાં વર્ગો ચલાવવામાં આવે છે. અમે હિન્દીમાં અભ્યાસ કરવા માંગતા લોકોને રહેઠાણની સુવિધા પણ આપીએ છીએ. જેમને આ બાબતે જરૂરિયાત હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.

જે વિદ્યાર્થીઓ અમારી **નહેમ્યા બાઈબલ કોલેજો**માંથી સ્નાતક થયા છે અને હવે સેવાકાર્યમાં છે તેમની પાસે એલ્યુમિની ફેલોશિપ છે અને **નહેમ્યા બાઈબલ કોલેજો**ના એલ્યુમિની સભ્યની સભા ૧૩.૦૫.૨૦૨૪ ના રોજ યોજવામાં આવી હતી. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે પદવીદાન સમારોહ ૦૧.૦૬.૨૦૨૪ ના રોજ સાંજે ૫ વાગ્યે ભરાવવામાં આવ્યો હતો. આ વર્ષે ૩૮ વિદ્યાર્થીઓ સ્નાતક થયા હતા અને તેમના સેવાકાર્ય માટે વિવિધ મિશન કેન્દ્રોમાં ગયા છે.

અમારે નહેમ્યા બાઈબલ કોલેજો માટે તામિલ તેમજ હિન્દી ભાષામાં વધુ વિદ્યાર્થીઓની જરૂર છે. કૃપા કરીને અમને સહાય કરો અને ઈશ્વરની સેવા કરવાનો જુસ્સો ધરાવતા વિદ્યાર્થીઓનો પરિચય



*નહેમ્યા બાઈબલ કોલેજોના એલ્યુમિની સભ્યો*



*શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે પદવીદાન સમારોહ*

આપશો. અમારી સઘળી મિનિસ્ટ્રીઓને ખૂબ જ વિશિષ્ટ રીતે વિકસાવવા અને ચલાવવા માટે અમને જરૂર છેઃ સામયિક ડિઝાઈનર્સ, સામયિકોમાં લેખોનો અનુવાદ કરવા માટે અનુવાદકો, અમારા છાપખાનામાં કામ કરવા માટે સહાયકો, વર્તમાનપત્રોમાંના તકનિકીવિદોની. પ્રસાર માધ્યમોમાંના તકનિકીવિદોની, ડ્રાઈવરો, ચોકીદારો, કોમ્પ્યુટર ટાઈપિસ્ટ, ડીટીપી ઓપરેટર્સ, હાઈસ્કૂલમાં ભણાવવા માટેના શિક્ષકો, ચર્ચમાં દુભાષિયા, મિશનરીઓ, પૂર્ણ સમયના સહાયક પાળકો, વગેરેની. અમને અમારી સાથે સેવાકાર્યમાં, તમામ ક્ષેત્રોમાં કામ કરે એવા પુરુષો અને સ્ત્રીઓની જરૂર છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે આ લોકો વાસ્તવિક દ્રષ્ટિ અને પ્રામાણિકતા ધરાવે. અમારી મિનિસ્ટ્રીઓ વિસ્તાર પામી રહી છે. પણ અમને સહાયરૂપ થાય એવા યોગ્ય લોકો અમે શોધી શકતા નથી. કૃપા કરીને અમને ટેકો આપવા માટે તમે જે કરી શકો તે કરશો. આ આધુનિક સમયમાં, છાપેલા સામયિકો અને પુસ્તકો વાંચનારા લોકોની સંખ્યા ઘટી રહી છે. દરેક વ્યક્તિ ઓનલાઈન વાંચવા માંગે છે. છેલ્લા ૪૦-૫૦ વર્ષથી આપણું સામાયિક **'ઈકો ઓફ હિજ કોલ'** વાંચનારા ઘણા લોકો વૃદ્ધ થઈ ગયા છે. કેટલાક પ્રભુમાં ઊંઘી ગયા છે અને કેટલાક વૃદ્ધાશ્રમોમાં રહે છે. અગાઉ તેઓ અમારી મિનિસ્ટ્રી માટે પ્રાર્થના કરતા હતા અને આર્થિક મદદ પણ કરતા હતા. તેથી જ અમારા સામયિકના વાંચકોની સંખ્યા ઘટી રહી છે. અમને તમારા પરિવારના સભ્યોના ટપાલ સરનામાં અને ઈમેલ સરનામાં મોકલીને અમને મદદ કરો. અમે અમારા સામયિકો તેમને વિનામૂલ્યે મોકલી શકીએ છીએ. અમે તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.

અમે અમારી વિનંતીઓ માટે તમારા પ્રોત્સાહક પ્રતિભાવની અપેક્ષા રાખીએ છીએ.

આપણા યહોવા પ્રભુની કૃપા તમ સર્વની સાથે રહો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એલેક્ષ સેમસન સામ**
**પાળક એસ. સામ સેલ્વ રાજ**
(+91) 98412 71858 / 98410 71858,
E.mail : sam@echoofhiscall.org

## કૃપા કરીને ધ્યાન આપો : ઈકો ઓફ હીજ કોલના વાચકોને

અમારા પાંચ મિનિટના ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

(પાન ૧થી આગળ...)

સમજાયું કે આપણું અસ્તિત્વ આકસ્મિક નથી પરંતુ દૈવી યોજનાનો એક ભાગ છે. જો કોઈ માને છે કે તેઓ તેમના પૃથ્વી પરના માતાપિતા દ્વારા અનિચ્છનીય અથવા અનઅપેક્ષિત હતા, તો પણ ઈશ્વરે દરેક વ્યક્તિની કાળજીપૂર્વક રચના કરી છે, જેમ ગીતશાસ્ત્ર ૧૩૯:૧૩માં જણાવ્યું છે, **"મારું અંતઃકરણ તેં ઘડ્યું છે; અને મારી માના પેટમાં તેં મારી રચના કરી છે."** તેથી, આપણી આ જવાબદારી છે કે આપણું જે હેતુ માટે સર્જન કરવામાં આવ્યું હતું તેને તપાસવાની અને તેને પરિપૂર્ણ કરવાની આપણી જવાબદારી છે, આપણા વિશ્વાસના અગ્રેસર અને સંપૂર્ણ કરનારની દોરવણી સાથે.

ઈશ્વરે આપણને દૈવી તેડાંની અને ભેટો સાથેની કૃપા આપી છે જે આપણી યોગ્યતા પર આધારિત નથી, પરંતુ તેમના સ્વભાવ પર આધારિત છે. તેમ છતાં, આ માર્ગથી ભટકી જવું સહેલું છે, ઘણીવાર ન દેખાય એ રીતે, જ્યાં સુધી આપણે આપણી જાતને આપણા હેતુવાળા માર્ગથી દૂર જતા ન જોઈએ. આભાર સહીત, પવિત્ર આત્મા આપણને આપણા પ્રેમાળ તારણહારના માર્ગ પર પાછા ફરવા દોરવણી આપવા માટે હંમેશા હાજર છે.

આવો આપણે કેટલાક સામાન્ય પગલાંઓનું વિશ્લેષણ કરીએ જે આપણને ઈશ્વરના દૈવી હેતુથી દૂર કરી શકે છે, ઉદાહરણ તરીકે ઈસ્રાએલના પ્રથમ રાજા શાઉલના જીવનનો ઉપયોગ કરીને.

**શાઉલ : તે શરૂઆત મહત્વની નથી, પરંતુ અંત મહત્વનો છે!**

જ્યારે ઈસ્રાએલના લોકોએ રાજાની વિનંતી કરી, રાજાઓના રાજાને તેમના શાસક તરીકે નકારી કાઢ્યા, ત્યારે ઈશ્વરે તેમની ઈચ્છાને મંજૂર કરી હતી. કીશ કે જે બિન્યામીનના કુળનો એક ધનવાન અને અગ્રણી માણસ હતો, તેના પુત્ર શાઉલને પ્રથમ રાજા તરીકે અભિષિક્ત કરવામાં આવ્યો હતો. શાઉલ પાસે રાજાને અનુરૂપ તમામ દુન્યવી ગુણો હતા. શાસ્ત્ર તેને દેશની કોઈપણ વ્યક્તિ કરતા વધારે સુંદર તરીકે વર્ણવે છે, તેનું માથું અને ખભાની ઉપરનો ભાગ સર્વ લોકોથી તરતો હતો. (૧ શમુએલ ૯:૨). તો, આ પસંદ કરેલા, અભિષિક્ત અને પ્રતિભાશાળી માણસનો દુઃખદ અંત આવવા માટે શા કારણો હતાં?

**પહેલી ભૂલ, ખોટું પગલું**

**ગર્વ !**

જ્યારે ઈશ્વરે તેને રાજા તરીકે તેડ્યો હતો ત્યારે શાઉલમાં આત્મવિશ્વાસનો અભાવ હતો. તેણે વ્યક્ત પણ કર્યું હતું, **"શું હું ઈસ્રાએલનાં કુળોમાં સૌથી નાના એટલે બિન્યામીનના કુળનો નથી? વળી મારું કુટુંબ બિન્યામીનના કુળનાં કુટુંબોમાં સૌથી નાનું નથી?"** (૧ શમુએલ ૯:૨). **અભિષિક્ત હોવા છતાં, તે શરમાળ રહ્યો અને સંતાઈ જવાનો પ્રયાસ કર્યો હતો.** (૧ શમુએલ ૧૦:૨૨). આપણે ચોક્કસ યાદ રાખવું જોઈએ કે જ્યાં તેમની કૃપા આપણને નિભાવી ન શકે ત્યાં ઈશ્વર આપણને તેડશે નહિ. શાઉલને ઈસ્રાએલનો

પ્રથમ રાજા બનવા માટે તેમની કૃપા બસ હતી. તેની નમ્ર શરૂઆતો હોવા છતાં, ઈશ્વરે તેને આશીર્વાદિત કર્યો હતો. જો કે, જ્યારે તેણે સફળતાનો સ્વાદ ચાખ્યો અને વિજય પછી વિજય હાંસલ કર્યા, ત્યાર પછીની ખ્યાતિ અને વખાણ, જેમ કે આપણામાંના ઘણા સાથે થાય છે, તેણે તેને આંધળો કરી દીધો હતો.

૧ શમુએલ ૧૫માં, આપણે એક પરિચિત ફકરાનો સામનો કરીએ છીએ જ્યાં ઈશ્વરે શાઉલને અમાલેકીઓનો સંપૂર્ણ પણે નાશ કરવાની આજ્ઞા આપી હતી, સ્ત્રીઓ અને બાળકો સહિત કોઈને પણ જીવતા રહેવા દેવાના નહોતાં. વર્તમાન સમયમાં જોવામાં આવે તો, તે ઘાતકી લાગે છે અને ઈશ્વર નિષ્ઠુર, ક્રૂર છે અને વેર વાળે છે એવું દેખાય છે. જો કે, ઈસ્રાએલીઓના ઈતિહાસને ધ્યાનમાં લેતા, અમાલેકીઓએ થાકી ગયેલા અને નબળા પડી ગયેલા ઈસ્રાએલીઓને ત્રાસ આપ્યો હતો, તેમના પર હુમલો કર્યો હતો અને તેઓનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

સાવધાન રહો!

બાઈબલ ઝખાર્યા ૨:૮માં જણાવે છે, **“જે તમને અડકે છે તે તેની આંખની કીકીને અડકે છે.”** અમાલેકીઓએ તેમના લોકો સાથે કેવી રીતે દુર્વ્યવહાર કર્યો હતો તેનાથી ઈશ્વર નારાજ થયા હતા, જેમને તેઓ તેમની પ્રિય સંપત્તિ માનતા હતા, અને તેમણે તેમની સાથે બદલો લેવાનો પ્રયત્ન કર્યો હતો.

એ યાદ રાખવું અગત્યનું છે કે આપણી પાસે એ ઈશ્વર છે જેઓ આપણા વતી આપણી લડાઈઓ લડે છે. જો કે, શાઉલની વાતમાં, આપણે એક અલગ પ્રતિભાવ જોઈએ છીએ. જ્યારે શમુએલ દ્વારા તેના કામો માટે સુધારો કરવામાં આવ્યો, ત્યારે શાઉલની તાત્કાલિક પ્રતિક્રિયા કબૂલાત અને પસ્તાવોની હોવી જોઈતી હતી. તેને બદલે, **તેણે શમુએલને તેની સાથે પાછા આવવા માટે વિનંતી કરતા વડીલોની આગળ તથા ઈસ્રાએલના લોકોની આગળ તેનું માન રાખવા કહ્યું હતું, જેથી તે “તારા દેવ યહોવા” નું ભજન કરી શકે.** (૧ શમુએલ ૧૫:૩૦).

શાઉલના વલણમાં નમ્રતાથી ઘમંડ તરફનું આ પરિવર્તન સ્પષ્ટ છે કારણ કે **તે પોતાની ઓળખની સ્વીકૃતિ શોધે છે અને પોતાને માન આપવા માટે એક કીર્તિસ્તંભ પણ ઊભો કરે છે.** (૧ શમુએલ ૧૫:૧૨).

સફળતા અને વિજય ઘણીવાર આપણી માનસિકતા અને વલણમાં પરિવર્તન લાવી શકે છે. શાઉલનું એક નમ્ર વ્યક્તિમાંથી માન અને પોતાની જાતની ઓળખ શોધ કરનાર વ્યક્તિમાં રૂપાંતર ગર્વના જોખમોને દર્શાવે છે.

જે ક્ષણે ગર્વ આપણા પર રાજ કરવા લાગે છે, **ઈશ્વર કદાચ તેમની હાજરી આપણા જીવનમાંથી પાછી ખેંચી લેશે અને આપણી સામે શત્રુ થઈને આપણી સામે લડશે પણ.** (યશાયા ૬૩:૧૦). યાકૂબનો પત્ર ૪:૬ ચેતવણી આપે છે કે, ઈશ્વર ગર્વિષ્ઠોની વિરુદ્ધ છે, પણ તેઓ નમ્ર માણસો પર કૃપા રાખે છે. તે આપણા પોતાના શબ્દો અને ક્રિયાઓ પર પ્રતિબિંબિત કરવા માટે એક ગંભીર યાદપત્ર છે. કેટલી વાર આપણે મારું ઘર, મારું જીવન, અથવા હું સઘળું જાણું છું જેવા શબ્દસમૂહો વડે આપણી માલિકી અને જ્ઞાનનો દાવો કરીએ છીએ? ભલે આપણે બહારથી નમ્રતાનો દાવો કરીએ, પણ જ્યારે આપણા ઘમંડને પડકારવામાં આવે ત્યારે આપણો સાચો સ્વભાવ જાહેર થઈ શકે છે.

“શું તમે જાણો છો કે હું કોણ છું?“ જેવા શબ્દસમૂહો વડે આપણું મહત્વ દર્શાવવાની વૃત્તિ અથવા “મારી સાથે આ રીતે વાત કરવાની તમારી હિંમત કેવી રીતે થઈ?“ અણધારી રીતે સપાટી પર આવી શકે છે.

આ સાવચેતીભરી વાત ઘમંડની મુશ્કેલીઓ સામે રક્ષણ આપવા માટે એક યાદપત્ર તરીકે રજૂઆત કરે છે, ખાસ કરીને તે ક્ષણોમાં જ્યારે આપણી સ્વ-ભાવના જોખમાય છે. ભલે વ્યક્તિઓ દ્વારા બોલવામાં આવે અથવા તો જેઓ વિશ્વાસનો દાવો કરે છે તેમના મનોમાં પણ પડઘો પડતો હોય, “શું તમે જાણો છો કે હું કોણ છું?“ તે ઘમંડના કપટી સ્વભાવ સામે ચેતવણી તરીકે રજૂ થવી જોઈએ.

## બીજી ભૂલ

## સ્વ-કપટપણું !

સ્વ-છેતરપિંડી ધરાવતી વ્યક્તિ કે પોતાને છેતરનાર એવી વ્યક્તિ છે જે:

(આગળ પાન ૬ પર...)

નિવાસી બાઈબલ અભ્યાસક્રમ
નહેમ્યા બાઈબલ કોલેજ, ચૈનાઈ
માધ્યમ : हिंदी
ECHO OF HIS CALL 1968-2018 (ECHO GROUP)
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.
પ્રવેશ લેવા ઝડપ કરો!
ઈશ્વરવિદ્યામાં સર્ટીફિકેટ
ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમા
શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ
સંપર્ક કરો : અધ્યક્ષ : નહેમ્યા બાઈબલ કોલેજ
૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલ્લી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત
ફોન. : (+૯૧-૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, મો.: ૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૫૬૬૧ ૩૧૮૫૮
E-mail: sam@echoofhiscall.org Websites : www.echoofhiscall.org
★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જુલાઈ ૨૦૨૪ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**જુલાઈ ૧૯ :** આપણા સર્વ સહ સંપાદકો અને તેમના કુટુંબીજનોને આશીર્વાદિત કરવા માટે.

**જુલાઈ ૨૦ :** ૧૯૬૯થી ચાલતી આપણી સામયિક મિનિસ્ટ્રી માટેની અમારી પ્રતિબદ્ધતા પરના તેમના ભરપૂર આશીર્વાદોને માટે.

**જુલાઈ ૨૧ :** અમારા પાળકો અને મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોના વડીલ સભ્યોને આશીર્વાદિત કરવા માટે.

**જુલાઈ ૨૨ :** અમારું સુવાર્તા છાપખાનું અને તેના કાર્યક્ષમ કામદારો સાથે તેની સતતની કામગીરીને માટે.

**જુલાઈ ૨૩ :** બાલાજી નગર, સંથોષપુરમ અને વેલાચેરીમાંના અમારી રવિવારની ભજનસેવાઓમાં નવા વિશ્વાસીઓને માટે.

**જુલાઈ ૨૪ :** આપણા જુવાનો તથા બાળકો માટેના વૈશ્વિક દર્શનની મિનિસ્ટ્રીને આશીર્વાદિત કરવા માટે.

**જુલાઈ ૨૫ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં અમારી **નહેમ્યા બાઈબલ કોલેજને** અને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલને** પ્રવેશ માટે આશીર્વાદિત કરવા.

**જુલાઈ ૨૬ :** મિશનના કાર્યકરો તરફથી મોટી પ્રતિબદ્ધતા માટે.

**જુલાઈ ૨૭ :** અમારા નિવાસી અને **સાંધ્ય નહેમ્યા બાઈબલ કોલેજના** અભ્યાસક્રમો માટે નવા વિદ્યાર્થીઓ મેળવવા માટે કૃપાપૂર્વક અમને મદદ કરી રહ્યાં છીએ તે માટે.

**જુલાઈ ૨૮ :** અમારા **યુટ્યુબ મિનિસ્ટ્રીના** ૫ મિનિટના સંદેશાઓ વણખેડાયેલા લોકો સુધી પહોંચાડવામા આશીર્વાદિત કરવા માટે.

**જુલાઈ ૨૯ :** અમને વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવા માટે આશીર્વાદિત કરવા માટે.

**જુલાઈ ૩૦ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર તેમની કૃપાળુ દયાને માટે.

**જુલાઈ ૩૧ :** અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમની** તમામ પ્રવૃત્તિઓને માટે.

**ઓગસ્ટ ૦૧:** અમારા મુખ્ય ચર્ચને વધુ નવા વિશ્વાસીઓ સાથે આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૦૨:** અમારા ચર્ચના પાળકો અને સ્વયંસેવકોને માટે.

**ઓગસ્ટ ૦૩:** આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલને** વધુ સમર્પિત ખ્રિસ્તી શિક્ષકો અને આચાર્ય સાથે આશીર્વાદિત કરવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**ઓગસ્ટ ૦૪:** અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યો માટે તમામ પ્રકારની દુષ્ટ પરિબળોની સામે સલામતી માટે.

**ઓગસ્ટ ૦૫:** વિશ્વના તમામ લોકોની જરૂરિયાતોને માટે

**ઓગસ્ટ ૦૬:** અમારી મિનિસ્ટ્રીની સર્વ નાણાકીય જરૂરીયાતો પુરી પાડવા માટે.

**ઓગસ્ટ ૦૭:** અમારા કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યોની સારી તંદુરસ્તી માટે.

**ઓગસ્ટ ૦૮:** વિશ્વમાં પ્રવર્તતી આર્થિક મંદીનો અંત આવે તે માટે.

**ઓગસ્ટ ૦૯:** **પ્રસાર માધ્યમની મિનિસ્ટ્રી** જે દરરોજ સવારે ૨.૦૦ વાગ્યે ૫ મિનિટ માટે યુટ્યુબ પર પ્રસારણ કરે છે, તે માટે.

**ઓગસ્ટ ૧૦:** આજે આપણી **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ** તેના ૫૬મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે તે માટે.

**ઓગસ્ટ ૧૧:** ઈશ્વરના બાળકો પર આત્મિક અને દુન્યવી આશીર્વાદોને માટે.

**ઓગસ્ટ ૧૨:** **વેકેશન બાઈબલ સ્કૂલ** (VBS) માં ઈસુ ખ્રિસ્તના પ્રેમથી સ્પર્શેલા સેંકડો બાળકો પ્રભુમાં ટકી રહે અને અમારા ચર્ચમાં નિયમિતપણે હાજરી આપે તે માટે.

**ઓગસ્ટ ૧૩:** મિશનરીઓ અને ઈશ્વરના સેવકો સામેની હિંસા બંધ થાય તે માટે.

**ઓગસ્ટ ૧૪:** ઈશ્વરની કૃપા ફરી એકવાર લોકો પર વરસે તે માટે.

**ઓગસ્ટ ૧૫:** શેતાનના દુષ્ટ કાર્યોનો નાશ થાય જે પરિવારોને અલગ કરે છે તે માટે.

**ઓગસ્ટ ૧૬:** સમગ્ર વિશ્વમાં એવા લોકોને બચાવવા માટે જેઓ લાંબી બીમારીઓ અને હતાશાથી પ્રભાવિત છે.

**ઓગસ્ટ ૧૭:** આ મહિના માટેની સર્વ નાણાકીય જરૂરિયાતો પૂરી થાય તે માટે.

**ઓગસ્ટ ૧૮:** વિશ્વભરમાં આયોજિત **વેકેશન બાઈબલ સ્કૂલના** વર્ગો દ્વારા બચાવ પામેલા બાળકો અને યુવાનોને માટે.

(પાન ૪ પરથી આગળ...)

૧) તેઓ જે ખરેખર નથી તે માને છે.
૨) વિચારે છે કે તેમની પાસે છે તેના કરતાં વધુ છે એમ વિચારે છે
૩) અધિકૃત બનવાની ઈચ્છા રાખવાને બદલે તેઓ જે નથી તેવા કંઈક તરીકે દેખાવાની ઈચ્છા રાખે છે.

હવે, આવો આપણે વિશ્લેષણ કરીએ કે બાઈબલ શું કહે છેઃ

**"તમારા વિશે વધુ પડતું વિચારશો નહિ."** (રોમનોને પત્ર ૧૧:૨૦)

**"જો કોઈએ પોતાને ગણવો જોઈએ તે કરતાં પોતે કંઈક વધારે છે જ્યારે તે નથી, તો તે પોતાની જાતને છેતરે છે."** (રોમનોને પત્ર ૧૨:૩)

**"અભિમાન સ્વ-ઠગાઈ કે સ્વ-છેતરપિંડી તરફ દોરી જાય છે."** (ઓબાદ્યા ૧:૩)

આ નમૂનો શાઉલના જીવનમાં સ્પષ્ટ છે; તેના અભિમાને તેને આંધળો કર્યો અને તેને છેતર્યો, જે તેને સ્વ-છેતરપિંડી તરફ દોરી ગયો હતો.

આપણે કેવી રીતે પડી જઈએ છીએ અને જ્યારે આપણે સ્વ-છેતરપિંડીના ફાંદામાં આવીએ છીએ ત્યારે શું થાય છે.

આપણે-છેતરપિંડીમાં કેવી રીતે પડીએ છીએ અને જ્યારે આપણે સ્વ-છેતરપિંડીની જાળમાં આવીએ છીએ ત્યારે શું થાય છેઃ-

## (અ) ઈશ્વરની આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કરવાની અનિચ્છા!



***Samuel reprimands Saul for disobeying God's Command***

દાખલા તરીકે, ઈશ્વરે શાઉલને અમાલેકીઓનો સંપૂર્ણ નાશ કરવાની આજ્ઞા આપી હતી અને કહ્યું હતું કે, **"હવે જા અને સંપૂર્ણ નાશ કર."** (૧ શમુએલ ૧૫:૨,૩). જો કે, **શાઉલે "જે ઉત્તમ હતું તે બધુ" રાખવાનું પસંદ કરીને પોતાની જાતને છેતરી હતી.** (૧ શમુએલ ૧૫:૯). શું રાખવું યોગ્ય છે તે નક્કી કરવાનું તેણે પોતે નક્કી કર્યું હતું, અને એમ તેની ક્રિયાઓ ન્યાયી હોવાનું વિચારીને પોતાની જાતને છેતરી હતી. શાઉલે દાવો કર્યો હતો, **"મેં યહોવા પ્રભુની આજ્ઞા સંપૂર્ણપણે પાળી છે"** (૧ શમુએલ ૧૫:૧૩), ઈશ્વરની સૂચનાઓથી ચલિત થવા છતાં. ઘણી વખત, શાઉલની જેમ, આપણે આપણી જાતને એવું માનીને છેતરીએ છીએ કે આપણી



***Saul tries to justify disobedience in a spiritual way***

ક્રિયાઓ ઈશ્વરની ઈચ્છા સાથે સંરેખિત થાય છે જ્યારે, વાસ્તવમાં, તેઓ પાછી પડે છે. માત્ર ઈશ્વરની ઈચ્છા અનુસાર કરેલાં કાર્યો જ તેમને પ્રસન્ન કરે છે, પરંતુ આત્મ-છેતરપિંડી આપણા ન્યાયચુકાદાને ઢાંકી દે છે.

## (બ) તેની પોતાની ભૂલને સ્વીકારવાની અનિચ્છા!

અભિમાન અને આત્મ-છેતરપિંડીથી તેની આંખો આંધળી થઈ ગઈ હતી, તેનું હૃદય જડ થઈ ગયું હતું, અને તેના કાન બહેરા થઈ ગયા હતા, જેને કારણે ઈશ્વરનો અવાજ સાંભળતા તેને અટકાવ્યો હતો. તેણે લોકોને દોષ આપ્યો હતો એમ કહીને કે, "લોકોએ (મેં નહિ) યહોવા પ્રભુને યજ્ઞ ચઢાવવા માટે ઉત્તમ ઉત્તમ ઘેટાં અને બળદોને બચાવ્યા છે." શાઉલે તેની આજ્ઞાભંગતાને આત્મિક બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આથી જ ઈશ્વર ભાર મૂકે છે કે આજ્ઞાપાલન યજ્ઞ કરતાં વધુ સારું છે. સ્વ-છેતરપિંડી આપણને જવાબદારી લેવાને બદલે આપણી ક્રિયાઓ માટે અન્યોને દોષી ઠરાવે છે.

## (ક) પોતાની જાતને નમ્ર કરવાની અનિચ્છા!

શાઉલ તેના ઘમંડની ટોચ પર હતો.

* તેણે પોતાને સારુ એક કીર્તિસ્તંભ ઊભો કર્યો હતો :
* તેણે આગ્રહ કર્યો હતો કે શમુએલ તેનું સન્માન કરે.

(આગળ પાન ૯ પર...)


# નહેમ્યા બાઈબલ

## સાંધ્ય કોલેજ

**ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ.**

**માધ્યમ : तमिल**

**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

પ્રવેશ લેવા ઝડપ કરો!

**ઈશ્વરવિદ્યામાં સર્ટીફિકેટ**
**ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમ**

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ
મહેરબાની કરીને સંપર્ક કરો

**અધ્યક્ષ : નહેમ્યા બાઈબલ કોલેજ**
૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલ્લી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત
ફોન. : (+૯૧-૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, મો.: ૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૫૬૬૧ ૩૧૮૫૮
E-mail: sam@echoofhiscall.org Websites : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## ઈશ્વર આપણા બહુ નાના પ્રયત્નોને સન્માન આપે છે!

**યહોવાની સ્તુતિ કરો - જેણે આપણી દીનાવસ્થામાં આપણને સંભાર્યા તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે. - (ગીતશાસ્ત્ર ૧૩૬:૧, ૨૩)**

મારા મિનિસ્ટ્રીયલ જીવનની શરૂઆતથી જ, ઈશ્વરે મને કોઈપણ હદ સુધી જવા અને કોઈપણ પડકારને સ્વીકારવા માટે, તેમના રાજ્યના વિસ્તરણ માટે, કોઈપણ તાત્કાલિક બદલાની અપેક્ષા રાખ્યા વિના, ઈશ્વરને મહિમા આપવાનું મન આપ્યું હતું. વર્ષ ૧૯૭૬ થી ૧૯૮૯ સુધી, મને મારી સરકારી ઓફિસમાંથી રજા લેવાની અને સુવાર્તા પ્રચાર માટેની મુસાફરી ગોઠવવાની અને મારા પોતાના પૈસા ખર્ચીને ભારતના વિવિધ ભાગોમાં મીની ક્રુસેડ દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવાની આદત હતી.

પ્રભુએ મને મારા આત્મિક મિત્રોને મારી સાથે ઓછામાં ઓછા એક કે બે મહિના માટે વિવિધ ભાગોમાં લઈ જવા અને દૂરના ગામડાઓમાં જવા અને ઈસુ ખ્રિસ્તની સુવાર્તા દ્વારા હજારો લોકોના જીવનને સ્પર્શવામાં મદદ કરી હતી. ઘણી વખત, મારે મારી બધી આર્થિક જરૂરિયાતો માટે ઈશ્વર પર નિર્ભર રહેવું પડ્યું હતું, કારણ કે મારે મારા માટે અને મારા સાથીદારો માટે ટ્રેન ટિકિટ, બસ ટિકિટો ખરીદવી પડતી હતી, હોટેલમાં રહેવાની વ્યવસ્થા કરવી પડતી હતી. ઈશ્વરે ચમત્કારિક રીતે મને મદદ કરી હતી.

આ મિનિસ્ટ્રી દ્વારા, ઈશ્વરે મને ચેંગાલપેટ જિલ્લો, વિલ્લુપુરમ જિલ્લો, મદુરાઈ જિલ્લો, ત્રિચી જિલ્લો અને કન્યાકુમારી જિલ્લો, કોડાઈકેનાલ, ઉટાકામંડ, ત્રિવેન્દ્રમ, પીલામેડુ, ઇડુક્કી, વાંદીપેરિયાર, વિજયવાડા, બેંગલોર, મૈસૂર વગેરેના વિવિધ દૂરના વિસ્તારોની મુલાકાત લેવામાં મદદ કરી હતી. મારી મુસાફરીઓ દરમિયાન, બસો અને ટ્રેનો દ્વારા અમારા સંગીતનાં સાધનો અને સુવાર્તાનાં ટ્રાકોના ચોપાનિયાંને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં મેં વિવિધ પ્રકારના શારીરિક કષ્ટો, વેદનાઓ અનુભવી હતી. મારી આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે, હું મિનિસ્ટ્રી માટે વાહન રાખવાનું વિચારી પણ શકતો ન હતો. પણ ઈશ્વર મારું વલણ જોતા હતા અને મારી સાક્ષીઓ સાંભળતા હતા. **"કેમ કે દેવ તમારા કામને તથા તેના નામ પ્રત્યે તમે જે પ્રીતિ દેખાડી છે, અને સંતોની જે સેવા કરી છે, અને હજુ કરો છો, તેને વીસરે એવો અન્યાયી નથી."** (હિબ્રૂઓને પત્ર ૬:૧૦).

પાછળથી મેં જોયું કે ઈશ્વરે મારા બધા સહકાર્યકરોને આશીર્વાદ આપ્યા અને તેમને ઉચ્ચ સ્તરે ઉન્નત કર્યા અને આજે પણ તેમની દ્રાક્ષાવાડીમાં તેમનો જોરદાર ઉપયોગ કરી રહ્યા છે. તેમણે મને અદ્યતન સાધનો, કાર, વાન અને ઉત્સાહી કામદારો જેવી તમામ સુવિધાઓથી પણ આશીર્વાદ આપ્યા હતા અને મને ભારતના બચાવ પામ્યા ન હોય એવા લોકોને સુવાર્તાનો પ્રચાર કરવા વધુને વધુ સક્ષમ બનાવી રહ્યા છે. ઈશ્વરે મને સન્માન પણ આપ્યું, મને વિશ્વના વિવિધ દેશોમાં લઈ ગયા અને સારા મિત્રોની સંગતથી આશીર્વાદિત કર્યો છે.

એ જ ઈશ્વર હજુ પણ જીવંત છે. તેઓ ઈચ્છુક વ્યક્તિઓની શોધમાં છે કે જેઓ કોઈપણ તાત્કાલિક બદલો, ઉચ્ચ હોદ્દા અને ભ્રષ્ટ ઈરાદાઓની અપેક્ષા રાખ્યા વિના તેમની સેવા કરવા આગળ આવી શકે. **"તારું અન્ન પાણી પર નાખ, કેમ કે ઘણા દિવસો પછી તે તને પાછું મળશે."** સભાશિક્ષક 11:1. તેઓ કોઈના દેવાદાર નથી.

હું અંગત રીતે શીખ્યો છું કે જો આપણને ઈશ્વરના રાજ્ય માટે કંઈક કરવાની ઈચ્છા હોય, તો આપણે પવનને જોયા વિના અને વાદળોને ધ્યાનમાં લીધા વિના તરત જ તે કરવું જોઈએ. **"જે માણસ પવન પર ધ્યાન રાખ્યા કરે છે તે વાવશે નહિ; અને જે માણસ વાદળ જોતો રહે છે તે કાપણી કરશે નહિ."** સભાશિક્ષક ૧૧:૪. દુનિયા અને દુનિયાના લોકો તમારી સાથે ઉભા રહેશે.

આજકાલ, આપણા લોકો ઈશ્વરના રાજ્યને આગળ વધારવામાં તેમના સ્વાસ્થ્ય, પૈસા અને પ્રતિભાનું રોકાણ કરવા માંગતા નથી; તેને બદલે તાત્કાલિક ઊંચાઈ અને તાબડતોબ બદલાઓની અપેક્ષા રાખે છે. વહાલા મિત્રો, ઈસુ ખ્રિસ્તની સુવાર્તાને કારણે હું ખરેખર આશીર્વાદિત થયો છું. તેઓ ખરેખર તમને આશીર્વાદિત કરી શકે છે. શું તમે હવે ઈસુ ખ્રિસ્ત માટે કંઈક કરવા આગળ આવી શકો છો? શું તમે તમારો વધસ્તંભ ઉપાડીને તેમને પાછળ ચાલી શકો છો? ઈશ્વર ઈચ્છુક વ્યક્તિઓને શોધી રહ્યા છે કે જેઓ તેમની ભવ્ય સુવાર્તા આગળ મોકલવામાં ખરેખર રસ ધરાવતા હોય - કોઈપણ રીતે - દરેક રીતે - કોઈપણ કિંમતે. ૧ કરિંથીઓને પત્ર ૯:૨૨.

**જ્યારે તમે આ શબ્દો વાંચો છો, ત્યારે તમારે જાણવું જોઈએ કે ઈશ્વર પાસે તમારા માટે વિશેષ યોજના છે! દુન્યવી સંપત્તિ, આરોગ્ય, સંબંધ અને કીર્તિ એક દિવસ તમને ધોકો આપશે, છેતરશે!! પણ ઈસુ ખ્રિસ્ત તમને અનાથ નહિ મૂકશે.!!! યોહાન ૧૪:૧૮. આજે જ નિર્ણય લો. એક મોટો બદલો તમારી રાહ જોઈ રહ્યું છે!**

~~~~~~
~~~~~~

(પાન ૬ થી આગળ...)

* તેણે ઈશ્વરની માન્યતા કરતા વધુ લોકો પાસેથી સન્માનની માંગ કરી હતી.

* ઈશ્વરની આગળ પોતાની જાતને નમ્ર બનાવવા અને માફી માંગવાને બદલે, તે તેના લોકોમાં મોટો બનવાની ઈચ્છા રાખતો હતો.

અગાઉ સૂચવ્યા મુજબ, આપણી બધી ક્રિયાઓના પરિણામો હોય છે. આંશિક આજ્ઞાપાલન એ સંપૂર્ણ આજ્ઞાભંગ સમાન છે.

* શાઉલે તેના કાર્યો દ્વારા ઈશ્વરને દુ:ખી કર્યા હતા.

* આને કારણે ઈશ્વરે તેનો તાત્કાલિક ધોરણે અસ્વીકાર કર્યો હતો.

* ઈશ્વર અને શમુએલ બંનેને તેને રાજા બનાવવા બદલ પસ્તાવો થયો હતો.

તે ઈશ્વરની ઈચ્છાથી દૂર ભટકી જતા તેનો માર્ગ ગુમાવ્યો હતો. આવો આપણે પ્રાર્થના કરીએ કે આપણામાંથી કોઈ શાઉલ જેવું જીવન જીવે નહિ, આપણા જીવનના હેતુથી ભટકી ન જતા.

## ત્રીજું અને અંતિમ પગલું

### બળવો, વિદ્રોહ !

શાઉલના ઘમંડે તેને આત્મ-છેતરપિંડી તરફ દોરી ગયો, જેના કારણે તેણે ખોટી ઓળખ ધારણ કરી અને બળવાખોર અને હઠીલા સ્વભાવને પ્રોત્સાહન આપ્યું. બળવો એ આજ્ઞાભંગ અને અડચણનો પર્યાય છે, અને તે તેના પરિણામો લાવે છે. **નીતિવચનો ૨૯:૧ ચેતવણી આપે છે કે, જે માણસ વારંવાર ઠપકો પામ્યા છતાં પોતાની ગરદન અક્કડ રાખે છે, તે અકસ્માત નાશ પામશે અને તેનો કંઈ ઉપાય રહેશે નહિ.** તેનો વિનાશ તેના પર અચાનક આવશે.

શાઉલ, જે અજાણ હતો કે તેનો બળવાખોર સ્વભાવ માત્ર પોતાને જ નહિ, પણ ભવિષ્યની પેઢીઓને પણ અસર કરશે, તેણે શમુએલની રાહ ન જોઈને અને બલિદાન આપીને બળવાખોર વલણ દર્શાવ્યું, જે યાજક માટે આરક્ષિત ફરજ હતી. ઠપકો મળ્યા પછી પણ તે પોતાની વાત પર હઠીલો રહ્યો, આખરે તેને રાજ્ય ગુમાવવું પડ્યું હતું. આજ્ઞાભંગ અને વિદ્રોહની દરેક ક્રિયા તેના પરિણામો લાવે છે.

બંડખોરી કોઈની પણ સત્તાને આધીન રહેવાનો નકાર કરે છે, સત્તાના આંકડાઓને આધીન રહેવાના મહત્વ પર ભાર મૂકે છે. આપણા પરિવારોમાં, આપણે આપણા માતા-પિતા, જીવનસાથીઓ, વડીલો, સંચાલકો, મંડળીના આગેવાનો, પાળકો, અધિકારી અને સૌથી અગત્યનું, ઈશ્વરને આધીન રહેવું જોઈએ.

દંગો કે બંડખોરી એ માત્ર વર્તન જ નહિ, પણ મનની પણ બાબત છે; તે આપણી જાતની અંદર પરિવર્તનની જરૂરિયાત દર્શાવે છે.

બાઈબલ આપણને દંગા વિશે મૂલ્યવાન પાઠો શીખવે છે: :

* **દંગો એ જોષ જોવાના પાપ જેવો છે, કંઈક જેને ઈશ્વર ધિક્કારે છે.** (૧ શમુએલ ૧૫:૨૩).

* **ઈશ્વર માત્ર દૂર જ થતાં નથી પણ અનઆજ્ઞાકારી અને દંગાખોર સ્વભાવ ધરાવતા લોકો સામે લડે પણ છે.** (યશાયા ૬૩:૧૦).

* **ઈશ્વરનો હાથ આપણી વિરુદ્ધ થશે.** (૧ શમુએલ ૧૨:૧૪,૧૫).

* **પસ્તાવો કરવામાં નિષ્ફળતાને કારણે ઈશ્વર આપણને વિનાશ તરફ દોરી શકે છે.** (૧ કરિંથીઓને પત્ર ૫:૫)

વહાલા મિત્રો, જો આપણા હૃદયો કઠણ છે, પરિવર્તન માટે પ્રતિરોધક છે, હૂંફથી વંચિત છે, તો આપણે તેમને બદલવા માટે ઈશ્વરની મદદ લેવી જોઈએ. શાસ્ત્ર આપણને તે યાદ અપાવે છે કે **"અંત સુધી જે કોઈ ટકશે તે જ તારણ પામશે".** (માથ્થી ૨૪:૧૩). જ્યારે ઈશ્વરનું તેડું અને ભેટો અટળ છે, ત્યારે આપણે અભિમાન, આત્મ-છેતરપિંડી, બળવાખોરી અને ઈશ્વરના હેતુથી ભટકી જવા જેવી ક્રિયાઓ દ્વારા આપણી અંદર પવિત્ર આત્માને અવરોધી શકીએ છીએ, જે સંભવિત રીતે નિષ્ફળતા તરફ દોરી જાય છે. આવો આપણે અભિમાનના વિનાશક પ્રભાવથી સાવચેત રહીએ અને આપણી ભૂલો જે આપણને આપણા જીવનના હેતુથી દૂર કરી શકે છે, તેને ઓળખવા અને સુધારવાનો પ્રયત્ન કરીએ. તે અતિ મહત્વનું છે કે આપણે ઈશ્વરની ઈચ્છા સાથે જોડાયેલા રહીએ તેની ખાતરી કરવા માટે આપણે આપણા જીવનો પર વિચાર કરવા માટે સમય કાઢીએ.


## તાકીદની જરૂરિયાત

## નહેમ્યા બાઈબલ કોલેજો

**ઈશ્વરની મિનિસ્ટ્રીમાં એક વર્ષની તાલીમ લેવા માગતી વ્યક્તિઓની જરૂર છે .**

**૧. એવા વિદ્યાર્થીઓ (પુરુષો અને સ્ત્રીઓ) જેઓ તામિલમાં સાંધ્ય બાઈબલ કોલેજોમાં અભ્યાસ કરવા માંગે છે.**

**૨. હિન્દી જાણતા એવા પુરુષો જેઓ કેમ્પસમાં રહે અને બાઈબલ અભ્યાસક્રમો લે.**

**સંપર્ક સેલ નં. ૯૮૪૧૨૭૧૮૫૮**

ફસલ પુષ્કળ છે ખરી, પણ મજૂરો થોડા છે.

કૃપા કરીને અમને સહાય કરવા આગળ આવશો.

## ઑફીસ

**અમારા ચર્ચની ઓફિસમાં કોમ્પ્યુટર ઓપરેટરો / કોમ્પ્યુટર ટાઈપિસ્ટ કામ કરવા જોઈએ છે. યોગ્ય પગાર આપવામાં આવશે.**

**સંપર્ક સેલ નં. ૯૮૪૧૨૭૧૮૫૮૬**


## કૃપા કરીને ધ્યાન આપશો!

### પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથા

અમે પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથાને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાના અંતિમ તબક્કામાં છીએ. **અમે તમારી સાક્ષીઓ માટે વિનંતી કરીએ છીએ, જે દસ લીટીઓ સુધીની હોઈ શકે છે, જેમાં ઈશ્વરે તેમની મિનિસ્ટ્રી દ્વારા તમારા આત્મિક વિકાસને કેવી રીતે પ્રભાવિત કર્યો છે તેની વિગત હોય.** વધુમાં, જો તમે આત્મકથામાં સમાવેશ કરવા માટે તમારો એક ફોટો મોકલશો તો અમે તેની કદર કરીશું.

**- સંપાદક**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

**ECHO OF HIS CALL**
***Ministries***
**56th ANNIVERSARY** *(1969 - 2024)*

Gospel Crusades

09.08.2024, Friday
10.08.2024, Saturday
11.08.2024, Sunday
Time : 6.00 P.M.

Place:
**ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET,
CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
98412 71858 **Please Pray!**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | | |
|---|---|---|
| Branch | : | Triplicane, Chennai-5 |
| Name | : | S. Sam Selva Raj |
| A/C No. | : | 1023 2934 679 |
| IFSC | : | SBIN 00 00 249 |
| SWIFT CODE | : | SBI NIN BB 455 |

### *2. Bank : ICICI Bank*

| | | |
|---|---|---|
| Branch | : | Anna Salai, Chennai-6 |
| Name | : | Echo of His Call |
| A/C No. | : | 6038 0502 2319 |
| IFSC | : | ICIC 000 6038 |

### *3. Bank : State Bank of India*

(This Account is for Tax Exemption for Indians only )

| | | |
|---|---|---|
| Branch | : | Triplicane, Chennai-5 |
| Name | : | Echo of His Call Educational Trust |
| A/C No. | : | 1023 2923 805 |
| IFSC | : | SBIN 00 00 249 |

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ
*****
E.mail : sam@echoofhiscall.org

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-     આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th JULY 2024

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**